# મન હોય તો માળવે જવાય



અગિયાર વરસનો એક છોકરો. નામ એનું તારક. છઠ્ઠા ધોરણમાં ભણે. એને પોતાનું ઘર ન ગમે. તારકનું ઘર કંઈ નાનું ન હતું. એને ત્રણ રૂમ હતા. એક રસોડું. બીજો બેઠકખંડ અને ત્રીજો બેડરૂમ. છતાંય તે ઘણી વાર મમ્મીને કહેતો., 'મમ્મી, આપણું તે કંઈ ઘર છે? મારા મિત્ર સાહિલનું ઘર કેવડું મોટું ને સરસ છે ! એના ઘરમાં તો એનો ભણવાનોય રૂમ અલગ છે.'

મમ્મી તેને સમજાવતાં કહે, 'બેટા, સાહિલના પપ્પા બહુ પૈસાદાર છે. જ્યારે તારા પપ્પા તો નોકરી કરે છે. આપણને એમના જેવડું મોટું મકાન ન પાલવે.'

તારક ભણવામાં મધ્યમ હતો. તેના માતાપિતાની ઈચ્છા એવી કે તારક મન દઈને ભણે તો સારા ગુણ લાવી શકે એમ હતો. પણ એ ભણવા બેસે ને એનો મૂડ ઊડી જતો. એને બસ, સાહિલના ઘરનો વિચાર આવે. એને એમ થાય કે મારી પાસેય જો સાહિલ જેવી સગવડ હોત તો હું પણ ખૂબ ભણું ને સારા માર્ક્સ લાવું.

તારકના પપ્પા એને સમજાવતા, 'બેટા, એવું કશું જ ન હોય. એ તો મન હોય તો માળવે જવાય.' પિતા કહેવત યાદ કરાવતા. તારકને એનો અર્થ ન સમજાય. એટલે પૂછ્યું, 'પપ્પા, મન હોય તો માળવે જવાય. એનો શો અર્થ થાય?'

આ સાંભળી પપ્પા કહે, 'બેટા, આ કહેવત છે. એનો અર્થ એ થાય કે જો માનવી કામમાં મન પરોવે તો ધાર્યું કામ થાય. કામ કરવાની ધગશ હોય તો તે કામ સફળ થાય જ.' ને પછી બરડે હાથ મૂકી સમજાવતા, 'બેટા, જો તું ધ્યાન દઈ ભણે તો હજી વધારે સારા ટકા લાવી શકે. ઘણા મહાપુરુષો વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારે ગરીબ જ હતા. પરંતુ મન દઈને ભણ્યા એટલે મહાન થયા.'

તારકને એમ થતું કે પપ્પા તેને અષ્ટમ્‌પષ્ટમ્ સમજાવી રહ્યા છે. પણ તેના પપ્પાએ તેને સુંદર રીતે સમજાવવાનો નિર્ણય કર્યો. તેમણે તારકને પૂછ્યું, 'બેટા, તારા વર્ગમાં પ્રથમ નંબર કોણ લાવે છે?'

'મોહન નામનો એક છોકરો.'

'બેટા, તેના ઘરનું સરનામું લેતો આવજે ને ! મારે કામ છે.'

ને તારક મોહનના ઘરનું સરનામું લાવ્યો. તારકના પિતા છાનામાના મોહનને મળવા ગયા. મોહન સાથે વાતચીત કરી પાછા આવ્યા.

એ પછીના રવિવારે તારકને તેના પિતા મોહનના ઘરે લઈ ગયા. મોહનનું ઘર તારકના ઘર કરતાંય નાનું હતું. તેને આગળ એક રૂમ અને નાનું રસોડું હતું. મોહનના ઘરમાં દાદા પણ હતા. તે ખાટલાવશ રહેતા હતા. મોહનને એક ભાઈ અને એક બહેન હતી.

તારક અને એના પિતા મોહનના ઘરે પહોંચ્યા ત્યારે મોહન દાદાના ખાટલા પાસે બેસીને ભણી રહ્યો હતો. તારકને આ જોઈ નવાઈ લાગી. બાજુમાં એની નાની બહેન રમી રહી હતી. બહાર રસ્તા પરથી પસાર થતાં વાહનોના અને રાહદારીઓના અવાજો આવતા હતા, છતાંય મોહન ભણવામાં મશગૂલ હતો !

તારકે પૂછ્યું, મોહન, તું રોજ આ પ્રમાણે ભણે છે?'

'હા, તારક.' મોહને હસીને કહ્યું.

'તારો ભણવાનો રૂમ અલગ નથી?'

'ના, તારક.'

'આટલા ઘોંઘાટમાં તું ભણી શકે છે?' તારકે પૂછ્યું.

'તારક, આ ઘોંઘાટ મને ખલેલ પહોંચાડતો નથી. એ તો મન હોય તો માળવે જવાય. મારી ભણવાની ઈચ્છા છે તેથી ભણાય છે. ન સમજ પડે તો હું દાદાને પૂછું છું ને દાદા મને સમજાવે છે.'

તારક વિચારવા લાગ્યો. મોહનને તો મારા ઘર જેવી પણ સગવડ નથી. આટલા ઘોંઘાટમાંય તે ભણે છે ને પહેલો નંબર લાવે છે. સાહિલને ઘરે મારા કરતાંય વધારે સુવિધા છે. એના પપ્પા એના માટે ટ્યુશનો પણ બંધાવે છે છતાં સાહિલ માંડમાંડ ફર્સ્ટ ક્લાસ લાવી શકે છે. તારકને પોતાની ભૂલ હવે સમજાઈ. તેને થયું કે સગવડ હોય કે અગવડ, પણ જેને ભણવું હોય તે ગમે ત્યાં ભણી શકે છે.

તારકે પપ્પા સામે જોયું. પપ્પા ધીમું ધીમું મલકી રહયો હતા. તે બોલ્યો, ‘તારક, હવે તને કહેવત સમજાઈ?’

તારક બોલ્યો, ‘હા, પપ્પા. સમજાઈ ગઈ. હવે હું ધ્યાન દઈને ભણીશ ને સારા માર્ક્સ લાવીશ.’

‘શાબાશ બેટા’, આમ કહી તારકના પપ્પાએ તારકને બાથમાં લઈ વહાલ કર્યું.

**લેખક : નટવર પટેલ**